# ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે સહેલાણીઓનો ધસારો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના છેડે સાબરમતિ નદીના કોતરોમાં આવેલ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે કુદરતી વાતાવરણની મોજ માણવા માટે હજ્જારો નાગરીકોનો ધસારો રહે છે. દિવાળીના દિવસોથી પ્રકૃતિ ઉદ્યાનમાં સહેલાણીઓની ભારે ભીડને પગલે તંત્ર દ્વારા ખાસ તકેદારીના પગલા ભરવામાં આવ્યા છે. ત્યારે છેલ્લા પાંચ દિવસથી ગીર ફાઉન્ડેશન પ્રકૃતિપ્રેમીઓથી ઉભરાયેલું જોવા મળી રહ્યું છે. આ પ્રકૃતિ પ્રેમીઓની મુલાકાતને પગલે ગીર ફાઉન્ડેશનના તંત્રને લાખો રૂપીયાની આવક પણ થવા પામી છે.



દિવાળી વેકેશનમાં પરિવાર કે મિત્રો સાથે નજીકના સ્થળે ફરવા પહોંચી જતા નાગરીકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. કોઈ પણ જાતના આયોજન વિના ફરવા માટે નીકળેલા નાગરીકોને રહેવાની, જમવાની તેમજ ફરવાની ભારે તકલીફ પડી હતી. પ્રવાસન સ્થળો પર દિવાળીના દિવસોમાં ઉઘાડી લુંટ ચલાવાય છે. ત્યારે અમદાવાદથી માત્ર ગણતરીની મિનીટોમાં પહોંચી જવાય અને સુંદર જોવા લાયક સ્થળ પ્રકૃતિ ઉદ્યાન ખાતે પ્રકૃતિ પ્રેમીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. રોજના હજ્જારો નાગરીકો ગીર ફાઉન્ડેશનની મુલાકાતે પરિવાર સાથે આવતા અંદર પણ ભારે ભીડ જામી હતી. ગીર ફાઉન્ડેશનનું પાર્કીંગ હાઉસ ફુલ થઈ જતા બહાર માર્ગ પર પાર્કીંગ કરવાની નાગરીકોને ફરજ પડી હતી. જયારે કલાકો સુધી ચાલીને અંદર જઈને પ્રકૃતિની મોજ સહેલાણીઓએ માણી હતી. નાના બાળકોને લઈને પક્ષીઓ, સરિસૃપો, સહિત વન્ય પ્રાણીઓ નિહાળવા માટે નાગરીકોએ રીતસરની દોટ મુકી હતી. સાબરમતિ નદીના કિનારે કોતરોમાં આવેલ પ્રકૃતિના ખોળે વન્યસૃષ્ટિ, પ્રાણીઓ તેમજ પક્ષીઓને નિહાળવા માટે તેમજ કુદરતી વાતાવરણ વચ્ચે સમય પસાર કરવા માટે નાગરીકો મોટીસંખ્યામાં આવતા તંત્રને પણ લાખો રૂપીયાની આવક થવા પામી છે.

# છત્રાલમાં મારૂતિ કોમ્પલેક્ષના ધાબા પર ચાલતા જુગારના અડ્ડા પર દરોડો

## રેન્જ આઇજીની આર.આર.સેલે દરોડો પાડીને ૭ શકુનિઓ પકડ્યા : ૯૦ હજારનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલા છત્રાલ ગામમાં મારૂતિ કોમ્પલેક્ષના ધાબા ઉપર કેટલાક શકુનિઓ બાજી માંડીને બેઠા હોવાની બાતમીને આધારે ગાંધીનગર રેન્જ આઈજીની સ્કવોર્ડ આર.આર.સેલે દરોડો પાડ્યો હતો. ગઈકાલે સમી સાંજે દરોડો પાડીને આર.આર.સેલે રૂ.૯૦ હજારના મુદામાલ સાથે સાત શકુનીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર આર. આર. સેલના પી.એસ.આઈ ભાવેશ રબારીની ટીમે બાતમીના આધારે ગઈકાલે સમી સાંજે કલોલ તાલુકાના છત્રાલ ખાતે આવેલા મારુતિ કોમ્પલેક્ષના ધાબા ઉપર દરોડો પાડ્યો હતો. ધાબા ઉપર ખુલ્લેઆમ બાજી માંડીને બેઠેલા સાત શખ્સોને આર.આર.સેલે જુગાર રમતા રંગેહાથ પકડી પાડી દબોચી લીધા હતા. છત્રાલ ના માલવ કૃપા સોસાયટીમાં રહેતા હિતેશ કેશવલાલ પટેલ, છત્રાલ ડેરી પાસે રહેતા જોગી લક્ષ્મણ ઠાકોર, છત્રાલના સુપર કેમિકલ કંપનીમાં રહેતા રૂપેશ ગાંગુ મીણા, છત્રાલ દિવાની વાસમાં રહેતા નિલેશ સુરેશ પટેલ, છત્રાલ ગોગાપુરા હૂડકો વિસ્તારમાં રહેતા ખોડા નાથા ઠાકોર, છત્રાલ ગુજરાતી શાળા પાસે રહેતા બાબુ કાંતિ રાવળ અને છત્રાલની લીલી વાડી વિસ્તારમાં રહેતા સોમા મગન ઠાકોર મળીને સાત શકુનીઓને આર.આર.સેલે કોર્ડન કરીને જુગાર રમતા પકડી પાડયા હતા. તેમની પાસેથી રોકડ રૂ.૮૭૨૦, પાંચ મોબાઈલ અને બે બાઈક મળીને કુલ રૂ.૯૦ હજારનો મુદામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ મામલે કલોલ તાલુકા પોલીસ મથકમાં ગુનો દાખલ થવા પામ્યો છે.

### મોટી આદરજમાંથી પાંચ જુગારીઓ ઝડપાયા

પેથાપુર પોલીસે આદરજ મોટી ગામમાં દરોડો પાડી જુગાર રમતા પાંચ શખ્સોને ઝડપી પાડ્યા હતા. બાતમીના આધારે મોટી આદરજ ગામનાં કલ્યાણપુરાના પરા પાસેથી ખુલ્લી જગ્યામાં મોડી રાત્રે દરોડો પાડીને પાંચને પોલીસે ઝડપી પાડ્યા હતા. જુગાર રમતા મોટી આદરજ ગામનાં સરદારજી શંભુજી ઠાકોર, મહોબતજી હિંમતજી ઠાકોર, મહેશ જુઠાજી ઠાકોર, રણજીતજી ઠાકોર અને મહોતજી સાંતુજી ઠાકોરની પોલીસે ધરપકડ કરીને તેમની પાસેથી રૂ.૧૬૯૦નો રોકડ મુદામાલ જપ્ત કરી પોલીસે તમામ સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



### સે-૧૩ સ્થિત ઝુંપડપટ્ટી વસાહતમાં લિગલ લિટરસી ડેની ઉજવણી કરાઈ

જિલ્લા કાનૂની સત્તા મંડળ ગાંધીનગર દ્વારા લિગલ લિટરસી ડે ડોર ટુ ડોર કમ્પેઈન સે-૧૩ ઝુંપડપટ્ટીમાં અનોખી રીતે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પી.એલ.વી. ટીમના એ અને ડીના સભ્યો સુધીર દેસાઈ, મધુસુદનભાઈ જોષી, મનસુખભાઈ કોટેચા, જિજ્ઞાસાબેન ઉપાધ્યાય, ડી ટીમના સભ્યો વિમળાબેન અયાચી, નરેન્દ્રસિંહ વાઘેલા, જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય તથા મહેન્દ્રભાઈ ચૌહાણના પ્રતિનિધિ તરીકે તેમના પુત્ર નિમેષભાઈ જોડાયા હતા. લિગલ લિટરસી ડેની ઉજવણી નિમિત્તે ડોર ટુ ડોર કેમ્પેઈન સાથે બાળકોને બિસ્કિટ અને નમકીનના પેકેટ સહિત પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.



અમદાવાદ ખાતે રાજ્યકક્ષાના ખેલ-મહાકુંભ અંતર્ગત બોકિંસગની રમતની સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગાંધીનગરના સેક્ટર-૭ સ્થિત જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની ધો. ૧૦માં અભ્યાસ કરતી પ્રિયા નંદુભાઈ ચૌધરીએ અન્ડર-૧૭ કેટેગરીમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરતાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યુ છે જેને આચાર્યા સહિત શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

### પાટનગરમાં વધુ એક ઘરફોડ ચોરી

# સેકટર-પમાં બંધ મકાનમાં તસ્કરોએ હાથફેરો કર્યો

## તસ્કરો બંધ મકાનના બંને માળને ખૂંદી વળ્યા : ૫૪ હજારની ચોરી

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યના પાટનગરમાં તસ્કરો બેફામ બન્યા હોવાનું ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે. બેખોફ બનેલા તસ્કરો બિન્દાસ્તપણે બંધ મકાનને ટાર્ગેટ કરીને ચોરી કરીને સરકી જાય છે. તો બીજી તરફ પોલીસ સોસાયટીમાં લાગેલા સીસીટીવી કેમેરા અને મુખ્ય માર્ગો પર લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવીને તસ્કરોને પકડવા લમણે હાથ દઈને બેસી રહી હોય તેમ લાગી રહ્યું છે. છેલ્લા ઘણા સમયથી ઘરફોડ ચોરીઓ વધી છે પરંતુ ઘરફોડયાઓ કે ઘરફોડ ચોરી કરતી ગેંગ પકડાઈ નથી. જે પોલીસ માટે કલંકિત ઘટના છે. શહેરના સેક્ટર-૫ ખાતે વધુ એક ઘરફોડ થઈ હોવાનું ધ્યાને આવ્યું છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેક્ટર-૫ સી ખાતે મકાન નંબર ૯૧૪/ ૨માં ભાડે રહેતા અને હેર કટીંગ નો વ્યવસાય કરતા કલ્પેશભાઈ કાંતિભાઈ લીમ્બાચીયાના મકાનમાં તસ્કરોએ હાથફેરો કર્યો હોવાનું ધ્યાને આવ્યું છે. કલ્પેશભાઈ ભાઈબીજે સવારના સમયે મકાન બંધ કરીને વિરમગામ ગયા હતા તે દરમિયાન તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું અને તેમાંથી રોકડ રૂપિયા ૫૦ હજારની મત્તાની ચોરી કરી લીધી હતી. આ મકાનમાં જ ઉપરના બીજા માળે મકાન માલિક રહે છે. તેમનામાં મકાનને પણ તસ્કરોએ ખૂંદી નાખ્યું હતું. ઉપરના માળે તેમના મકાનમાંથી તસ્કરોએ ચાર હજારની કિંમતના સોના ચાંદીના દાગીનાની ચોરી કરી લીધી હતી.

મકાનના મુખ્ય દરવાજાના તાળા તોડી તસ્કરોએ કરેલા હાથફેરા મામલે કલ્પેશભાઈ લીમ્બાચીયા ની ફરિયાદને આધારે સેક્ટર-૭ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને આ મામલે વધુ તપાસ શરૂ કરી છે.

### ગાંધીનગર જિલ્લામાં ફાટકડાથી ૧૦ દાઝ્યા

ગાંધીનગર, તા.૧૨


દિવાળીના પાવન પર્વમાં ફાટકડા ફોડતી વખતે શરીરે નાની મોટી ઈજાના ગાંધીનગર જિલ્લામાં ૧૦ જેટલા બનાવો બનવા પામ્યા છે. જેમાં કેટલાકને સામાન્ય ઈજા પહોંચતા ઓપીડી સારવાર આપી રજા આપી દીધી હતી તો કેટલાક દાઝેલાઓએ ખાનગી દવાખાનામાં સારવાર મેળવી હોવાનું ધ્યાને આવ્યું છે. ફટાકડા ફોડતી વખતે નાના બાળકોથી લઈને મોટી ઉંમરના વડીલો પણ દાઝ્યા હોવાના કિસ્સા સામે આવ્યા છે.

નાગરીકોએ દિવાળીના દિવસોમાં ફટાકડા ફોડતી વખતે સાવચેતી રાખવી અનિવાર્ય છે. ફટાકડાથી દાઝી ના જવાય તે માટે સરકારી તંત્ર દ્વારા પણ જાહેરાત થકી જાગૃતિ લાવવામાં આવે છે. ફટાકડા ફોડતી વખતે શું તકેદારી રાખવી જોઈએ તે સહિતની માહિતી આપવામાં આવે છે, તેમ છતા નાગરીકો દાઝી જવાના કિસ્સા બને છે. આ વર્ષે દિવાળીમાં ગાંધીનગર જિલ્લામાંથી ૧૦ જેટલા નાના મોટા નાગરીકો દાઝી જવાના કિસ્સા સામે આવ્યા છે. જેમાં ગાંધીનગર સિવિલમાં તાત્કાલીક વિભાગમાં સારવાર મેળવી ઘરે પરત ફર્યા છે. જેમાં કેટલાક નાગરીકો કોઠી, તારામંડળ, દોરી, પેન્સિલ કે ચકરડી સળગાવતી વખતે હાથે દાઝી ગયા હતા. જે સામાન્ય ઓપીડી સારવાર આપી નાગરીકોને દવા આપી રજા આપી દીધી હતી. જયારે ફટાકડાને પગલે દાઝી જતા હાથે ઈજા પહોંચતા કેટલાકને ટાંકા લેવા પડે તેવી સ્થિતિ પણ સર્જાઈ હતી, તો બીજી તરફ દાઝેલા દર્દીઓ ખાનગી દવાખાનામાં કે હોસ્પિટલમાં સારવાર મેળવી ઘરે પરત ફર્યા હતા. ગાંધીનગર શહેરમાં દિવાળીના પાવન દિવસોમાં ફટાકડાનો ક્રેઝ નાના બાળકથી લઈ મોટીં ઉંમરના વડીલોમાં હોય છે ત્યારે ફટાકડાથી દાઝી જવાના કિસ્સા પણ જિલ્લામાં ધ્યાને આવ્યા છે. ૧૦ જેટલા નાગરીકો હાથે પગે સામાન્ય દાઝી જતા સારવાર લેવાની ફરજ પડી હતી. જયારે દિવાળીના દિવસોમાં ૧૦૮ ની પણ કામગીરી સરાહનીય રહેવા પામી હતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

सत्यमेव जयते
Government of Gujarat
Shri Vijaybhai Rupani
Hon. Chief Minister, Gujarat
"Role of GIDC in Gujarat's and India's economic growth is pivotal and decisive. Apart from facilitation National and International iconic manufacturing units, GIDC must be credited for its fast-track development of industrial estates and MSME Units. GIDC's constant focus on providing world class infrastructure facilities comes for its visionary outlook for the future."
GIDC Vision
"To make GIDC an effective, vibrant and timely provider of quality industrial infrastructure with easy, quick and transparent delivery mechanism at competitive pricing and without losing sight of its social responsibilities."
Set up under the Gujarat Industrial Development Act. 1962 as a Statutory Board
Identifies and develops locations suited for Industrial purposes
GIDC offers developed industrial zone/estates, approved & well developed chemical estate, speedy land aggregation, clear land titles, cluster benefits, flexible payment options, waste disposal system & up-gradation of industrial estates
Nodal agency of the Government of Gujarat for providing Industrial backbone of the state
GIDC has an inventory of 202 Estates comprising of over 63,000 Units across the State
1 Identification & Aggregation of land
2 Development of Core & Support Infrastructure
3 Allotment of Industrial Plots
Core Infrastructure
✓ Developed Industrial Plots
✓ Water Supply
✓ Power Supply
✓ Corridor for amenities-gas, telecom, pipeline etc.
✓ Effluent collection conveyance, treatment & disposal
Support Infrastructure
✓ Skill Up-gradation Centers
✓ Environmental Conservation Initiatives-green space, parks, etc.
✓ Space for public amenities-banks, hospitals, school, police station, etc.
✓ Housing Plots
✓ Commercial spaces
Participative Policy for development of New Industrial Estate
Development of MSME Industrial Park
Development of Women Industrial Park
Development of Multi-Storeyed Sheds
Training & Skill up-gradation programs
202 GIDC Estates across Gujarat



GIDC's Inclusive Development
Skill Development
Education
Women & Child Development
Health Care
Gujarat Industrial Development Corporation (GIDC)
(A Government of Gujarat Undertaking)
2nd Floor, Block No.4
Udyog Bhavan, Sector 11
Gandhinagar 382 017
Gujarat, India
Phone: +91 79 23250636/37
Fax: +91 79 23250705
gidc@gidcgujarat.org
www.gidc.gov.in
GIDC GUJARAT INDUSTRIAL DEVELOPMENT CORPORATION